ગાંધીનગર સમાચાર
તા. ૧-૧૦-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

યાલીયે સાથોસાથ

મોદી ચાણક્યનીતિના અભ્યાસી રાજપુરૂષ છે. અમેરિકામાં પ્રમુખને મળવા કરતાં એમને અમેરિકાના અર્થતંત્ર પર અંકુશ ધરાવતા ભારતીયોનાં હિત પોતાના હૈયે છે - એવો સ્પષ્ટ સંદેશ એમણે ડિનર પૂર્વે જ પહોંચાડી દઈ અમેરિકન સત્તાધીશને મોદી શી ચીજ છે - એનો અહેસાસ કરાવી દીધો હતો. વળી વિશ્વનાં ટોચનાં ઉદ્યોગગૃહો ભારતના લુકેટિવ બજાર ભણી તરસીડાંસ નજરે ટીકી રહ્યાં છે, એની પ્રતીતિ પણ ઇંદ્રા નૂયી સહિતનાં સીઈઓ સાથેની ઉષ્માસભર બેઠક થકી અમેરિકન વહીવટતંત્રને પહોંચી જ ગયેલી. મોદીએ વિઝા નહીં આપવાની પ્રતિજ્ઞા લઈ બેઠેલા ઓબામાને અક્ષરશઃ નાક લીટી તણાવી એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. ઓબામાનું નિમંત્રણ તો એમને લોકસભાની ચૂંટણીમાં વિજય તરફી પરિણામો જાહેર થતાંની સાથે જ મળી ગયું હતું, પરંતુ મોદીએ યુનોનાં કાર્યક્રમ સાથે જ પોતાની અમેરિકાયાત્રાને સાંકળવામાં ઔચિત્ય જોયું. મુખ્યત્વે અમેરિકાને ભારતનું બજાર ખપે છે. મોદી એમને બજાર એ શરતે આપવા તૈયાર છે કે તેઓ ભારતમાં આવીને અહીં જ એમનાં ઉત્પાદકો બનાવે. 'મેક ઇન ઇન્ડિયા' એ મોદીનું અર્થનીતિનું ધ્રુવ વાક્ય છે. અમેરિકા જતાં અગાઉ એમણે 'સાર્ક રાષ્ટ્રો, 'બ્રિક્સ' રાષ્ટ્રોની બેઠક કરી, જાપાન જઈ આવ્યા, ઢોલ વગાડી આવ્યા, ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગને સાબરમતી રિવરફ્રંટ પર ડિનર આપ્યું. અર્થાત્ મોદીએ ઓબામાને ભરી શક્ય એટલા આગોતરા ચૂંટિયા ભરી લીધા હતા અને છેલ્લે ડિનરમાં હું ફક્ત પાણી જ લઈશ - એવી ઉપવાસી શરત મૂકીને વિશ્વના સૌથી શક્તિશાળી રાજનેતાને મૂંઝવણમાં મૂકવાનું પણ ચૂક્યા નહોતા. ન્યુયોર્કમાં થયેલા ભવ્ય શક્તિપ્રદર્શનને પગલે વોશિંગ્ટન ડીસીમાં પણ મોદી - મેનેજરોએ ધરાર વ્હાઈટ હાઉસની લોનમાં જ ગરબા અને ભાંગડા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી મોદીને 'સુપર લીડર' સ્વરૂપે પ્રસ્તુત કરી દીધા હતા. ઓબામાને અલબત્ત, કોઈ પ્રોટોકોલ તોડીને ભારતીય વડાપ્રધાનનું સ્વાગત કરવાની નવી પ્રણાલી નથી પાડી, પરંતુ વ્હાઈટ હાઉસનાં દરવાજે ઊભા રહી 'કેમ છો મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર?' કહી મોદીને અચંબામાં તો જરૂર મૂકી દીધા હતા. મહત્ત્વની બાબત એ છે કે જયાં સાબરમતી રિવરફ્રંટ પર મોદીએ ચીનના રાષ્ટ્રપ્રમુખના માનમાં બસો વિશિષ્ટ વ્યક્તિઓને ડિનર આપ્યું હતું, એની સામે અમેરિકી રાષ્ટ્રપતિએ ફક્ત વીસ જ આમંત્રિતોને રાત્રીભોજ આપીને એણની કૃપણતાનો પરિચય આપ્યો છે. મોદી પાસે એમને ઇરાક અને સિરિયામાં શહીદી વહોરે એવા ભારતીય સૈનિકો જોઈએ છે. અમેરિકાએ આતંકવાદને 'ગુડ' અને 'બેડ' જેવી કેટેગરીમાં વર્ગીકૃત કરવાની જે પ્રણાલી વિકસાવી છે, એની સામે મોદીએ અણગમો દર્શાવ્યો છે. ભારત અમેરિકાને સૌથી વધુ મહત્ત્વનાં મિત્ર દેશ તરીકે બધી બાબતોમાં અનુકૂળ થવા તૈયાર છે, પરંતુ અમેરિકાએ પણ ભારતને સમાન મહત્ત્વ આપવું પડશે, એણે જૂનાં વલણો બદલવાં પડશે. ઘોડા-ગધેડા વચ્ચેનો ફરક સમજવો પડશે. પાકિસ્તાન અને ભારતને એક જ માપદંડથી માપવા અમેરિકાની રીત બરાબર નથી, તે મુદ્દો મોદીએ ડિનર પછી યોજાયેલ ચર્ચા દરમિયાન જરૂર સ્પષ્ટ કર્યો હશે. જયારે ભારત પાસે ઇરાક અને સિરિયામાં અમેરિકન નાગરિકોનાં માથાં કાપનારાં આઇએસઆઇએસના આતંકીઓ વિરૂદ્ધ લડવા માટે સૈન્યસ્તરની મદદની અપેક્ષા રખાતી હોય ત્યારે કાશ્મીરની સરહદ પર પાકિસ્તાન દ્વારા એક્સપોર્ટ કરાતાં આતંકવાદ સામે અમેરિકાએ પણ અવાજ ઉઠાવવો જોઇએ. ગેસ, ખનિજ, પર્યાવરણ, ઉર્જા અને સુરક્ષા તેમજ શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં બેઉ રાષ્ટ્રો વચ્ચે કેટલાક કરાકો થવાની શક્યતા છે. મોદીએ ભારતીય મુસલમાનો અલકાયદાની મુરાદ બર નહીં આવવા દે, એવું નિવેદન કરીને પશ્ચિમના દેશોમાં પ્રવર્તતી મુસ્લિમ વિરોધી છાપ ભૂંસવાનો પણ પ્રયાસ કર્યો છે. ઓબામાને એમણે ગાંધીજીનું ગીતા વિશેનું ભાષ્ય 'અનાસક્તિ યોગ' ભેટ આપીને હિંદુત્વની ગરિમા પર સાચવી લીધી છે!

ગાંધી જયંતિની પ્રભાતે પ્રાર્થનાજંલિ 'પીડ પરાઈ જાણે રે' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર કલાગુર્જરી સંસ્થા દ્વારા સતત આઠમા વર્ષે મહાત્મા ગાંધીની ૧૪૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે.

સમગ્ર વિશ્વ પૂજય બાપુના જન્મ દિવસને વિશ્વ અહિંસા દિવસ તરીકે મનાવે છે ત્યારે કલાગુર્જરી ગાંધીનગર દ્વારા રજી ઓકટોબરે ગુરુવારે ગાંધી બાપુની જન્મ જયંતિ દિવસે 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ યોજી શ્રધ્ધાસુમન અર્પણ કરશે.

ગાંધીનગર ટાઉન હોલ સામે લોનના મેદાનમાં



ગુજરાતના જાણીતા કલાકારો બંકીમ પાઠક, વર્ષા કુલકર્ણી અને રાજેન્દ્ર ઓઝા, ભજનો-ગીતો રજુ કરશે ત્યારે આ કાર્યક્રમમાં નગરજનોને સફેદ વસ્ત્રો ધારણ કરી સવારે ૬-૦૦ વાગે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા દ્વારા ગાંધી સાહિત્ય અને ચરખાનું વેચાણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પૂજય બાપુ ૧૯૧૫ની સાલમાં દક્ષિણ આફ્રિકાથી પરત ભારત આવી શરૂઆત કરી હતી તે ઘટનાને ૨૦૧૫માં ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમનું મહત્વ ખૂબ જ રહેલું છે.

બચપન સ્કુલમાં વાર્તા કથન પર વર્કશોપ યોજાયો

બચપન પ્લે સ્કુલમાં 'સ્ટોરી ટેલીંગ' વર્કશોપ સમાહની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને વાર્તા કથનની કલા શિખવાડવામાં આવી હતી. શહેરના સે-૧ સ્થિત બચપન પ્લે સ્કુલમાં વાર્તા કથનનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તા. ૨૨ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ વર્કશોપમાં બાળકોને વાર્તાકથનની કળાનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંયોજક ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. વર્કશોપમાં ડૉ. વૈશાલી કુલકર્ણીએ બાળકોને ઈસપની વાર્તાઓ, પંચતંત્રની વાર્તાઓ, નાટક અને નૈતિક મૂલ્યોની સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભૂલકાંઓએ જાણીતી વાર્તાઓ પર નાટક રજૂ કર્યું હતું.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજામાં દરેક વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ તહેવારના તૃતીય નોરતે શનિવારે આબેહુબ ગબ્બરની પ્રતિકૃતિ અને નાના ભૂલકાને ધ્યાને રાખી માડીનો મંડપ બાંધી ગરબા સુંદર રીતે અનેરા ઉત્સાહથી યોજાયા હતા. વિદ્યાર્થી ભાઈ બહેનોના નવરાત્રિ ટ્રેડિશનલ ડ્રેસ આકર્ષણનું કેન્દ્ર બની ગયા હતાં. મ્યુઝિકના દરેક તાલે વિવિધ ગરબા સ્ટેપ, આગવી કલાથી શાળાના મેદાનમાં ગરબાની ધૂમ મચી ગઈ હતી. શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફ તથા શાળા ટ્રસ્ટીશ્રી મા જગદંબાના આર્શીવાદ મળે તેવી ભાવનાથી સમૂહ ગરબામાં બધાની સાથે કદમ મિલાવી ખેલૈયા બની ગયા હતા. હવે તો વિદ્યાર્થીઓ શેરી ગરબા, કલબ ગરબા, પાર્ટી ગરબા કરતાં શાળાના ગરબામાં રૂમઝૂમ ગરબે ઘુમવામાં અનેરો આનંદ મેળવે છે. જીઆઈપીએસ દ્વારા ગરબાના આયોજન ઉપરાંત વિવિધ કલા કૌશલ્યના પ્રદર્શન રજૂ કરનાર વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફને પણ સોળ જેટલી ટ્રોફી ઈનામરૂપે આપી આર્શીવાદ આપ્યા હતા. વિશેષમાં આંતરરાષ્ટ્રીય કલકારો પણ તેમાં જોડાયાં હતાં.

કોબા ખાતે સ્ત્રી ભ્રુણ હત્યાના કારણો અને ઉપાયો પર પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

કસ્તુરબા ગાંધી નેશનલ મેમોરીયલ ટ્રસ્ટ કોબા અને પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર દ્વારા સ્ત્રીભ્રુણ હત્યાના કારણો અને ઉપાયો વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

દેશની સૌથી મોટી સમસ્યાઓ પૈકીની એક સમસ્યા સ્ત્રીભ્રુણ હત્યા છે. ત્યારે કસ્તુરબા ગાંધી ટ્રસ્ટ કોબા, સેક્ટર-૭ ચૌધરી મહિલા કોલેજ અને સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યાના કારણો અને ઉપાયો પર રાજ્યકક્ષાનો પરિસંવાદ કોબા ખાતે યોજવામાં આવ્યો હતો.

પરિસંવાદમાં સમાજ વ્યવસ્થા, સામાજિક સંગઠનો, રાજ્ય વ્યવસ્થા અને કેળવણી સંસ્થાઓ, ધર્મ અને સંપ્રદાય પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિવિધ કોલેજો, યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ જોડાઈ હતી.

પીએચ.ડી. થયા

રાજ્ય સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગ્રંથાલયખાતામાં મદદનીશ ગ્રંથાલય, નિયામક તરીકે ફરજ બજાવતા પંકજ કે. ગોસ્વામીએ ડૉ. કિરીટભાઈ એચ. શુક્લ, ગ્રંથપાલશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ 'ગુજરાત રાજ્યના સરકારી સાર્વજનિક ગ્રંથાલયોમાં સંશાધન સાજેદારી અને નેટવર્કિંગમાં સહયોગ : એક અભ્યાસ' વિષય ઉપર શોધનિબંધ સિંઘાનિયા યુનિવર્સિટી, રાજસ્થાનમાં રજુ કરેલ. જેને સિંઘાનિયા યુનિવર્સિટી, રાજસ્થાને માન્ય કરી પંકજ કે. ગોસ્વામીને પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે.

ચૌધરી કોલેજમાં રાસ-ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૩૦

ચૌધરી સંકુલમાં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં મા આદ્યશકિતની આરાધના કરવામાં આવી હતી. સંકુલમાં અભ્યાસ કરતા બી.એ., બી.સી.એ., બી.એડ., એમ.સી.એ., એમ.બી.એ. સહિત પાંચ કોલેજના વિદ્યાર્થીઓ માતાજીના ગરબા રમ્યા હતા. ઉત્સાહ પૂર્વ માહોલમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ રાસ ગરબામાં રમઝટ મચાવી હતી. તમામ પાંચ કોલેજના વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જ્ઞાનકુંભ

- દર્શન માર

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ 'વિશ્વ વિટીલિગો દિવસ' ક્યારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૫ જૂન**

૨. ભારતીય કોલસા લિમિટેડ સંસ્થાના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **એ.કે. દુબે**

૩. ૨૦૧૪માં કઈ જેલમાં બંધ કેદીઓના બાળકો માટે નાણાંકીય સહાય આપવા માટે યોજનાની શરૂઆત કરી છે?
➜ **દિલ્હી**

૪. ૨૦૧૪માં 'ઇન્ડિયન પ્રિમિયર લીગ' (આઈ.પી.એલ) નો ખિતાબ કઈ ટીમે જીત્યો હતો ?
➜ **કોલકાતા નાઇટ રાઇડર્સ**

૫. ૨૦૧૪માં તેલંગાણા રાજયના પ્રથમ મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા હતા?
➜ **ચંદ્રશેખર રાવ**

૬. ૨૦૧૪માં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **અજીત દોવેલ**

૭. ૨૦૧૪માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ કયાં મીડિયા સમૂહનો હિસ્સો ખરીધ્યો છે?
➜ **નેટવર્ક-૧૮**

૮. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા શાંતિરક્ષક દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૯ મે**

૯. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો ?
➜ **રાજકોટ**

૧૦. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**

૧૧. હાલ ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા ધારાસભ્યોની સંખ્યા કેટલી છે ?
➜ **૧૭૩**

૧૨. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ભાજપમાંથી કેટલા ચાલુ ધારાસભ્યો સાંસદ તરીકે ચુંટાઈ આવ્યા હતા ?
➜ **૯**

૧૩. હાલ ગુજરાત વિધાનસભામાં ભાજપ પક્ષના ધારાસભ્યની સંખ્યા કેટલી છે ?
➜ **૧૨૩**

૧૪. ૨૦૧૩માં આઈ.આઈ.એમ. અમદાવાદ (IIM-A) ના ડાયરેકટર પદે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **આશિષ નંદા**

૧૫. ૨૦૧૩માં ગુજરાતના કયા સ્થળે સંપૂર્ણ 'સંસ્કૃત કૉલેજ'ની શરૂઆત કરવામાં આવી છે ?
➜ **સાળંગપુર**

૧૬. ૨૦૧૪માં યુનિવર્સિટી ઓફ ફલોરિડાનો સર્વોચ્ચ સન્માન અલુમનસ એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો ?
➜ **અનિલ રાજવંશી**

૧૭. ૨૦૧૪માં સ્પેનમાં ભારતીય રાજદૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **વિક્રમ મિસ્ત્રી**

૧૮. ૨૦૧૩માં કેન્યા દેશના કયા શહેરમાં આતંકી હુમલ થયો હતો ?
➜ **નેરોબી**

૧૯. ૨૦૧૩માં કેન્યાના નેરોબીના કયા સ્થળે હુમલો કર્યો હતો ?
➜ **વેસ્ટગેટ મોલમાં**

૨૦. ૨૦૧૩માં કેન્યાના નેરોબીમાં કયા આતંકી સંગઠને હુમલો કર્યો હતો ?
➜ **અલ શબાબ**

સૈયર તારા કિયા છૂંદણે મોહ્યો તારો છેલ કહેને, સૈયર તારા કિયા ફૂલની લૂમી ઝૂમી વેલ કહેને

વિચારોનાં મધુવનમાં
પ્રા. ડૉ. રાકેશ પટેલ

ગુજરાતી ભાષા એની સરળતા, દેશ્યતા અને પોતીકાપણા માટે આપણને સૌને ખૂબ ગમે છે. સિક્કાની બીજી બાજુ એ છે કે હોટેલના ભોજન કે કપડાની પસંદગીમાં આપણે ગુજરાતીપણાથી કોસો દૂર થઈ ગયા છીએ. વિચારો પણ જાણે વાયા અમેરિકા કે યુરોપ આવે છે. બોલવામાં પણ ગુજરાતી (માતૃભાષા) ને તુચ્છતાનો અનુભવ થઈ રહ્યો તેવું વારંવાર અનુભવાય છે. બાળકો અંગ્રેજીને મા અને ગુજરાતીને માસીથી પણ નીચેની પદવી આપવા ઉતાવળા થયા છે. આ બધાની પાછળ મમ્મીઓની અતૃપ્ત ઇચ્છાઓ કદાચ કામ કરી રહી છે!

હમણાં 'વોટ્સ એપ' પર સંબંધોની સમપદી વિશે કાજલ ઓઝા વૈદ્યનો વીડિયો જોવાની મજા આવી. અદ્‌ભૂત વાતો કરી જાણે કે કાજલબેન! તેઓ કહે છે : 'સંબંધોની પાછળ સત્યનો રણકાર હોવો જરૂરી છે. બનાવટી કે નિભાવે રાખવાના સંબંધો માણસને અંદરથી બોદા રાખે છે. સાચા પ્રેમથી દૂર દૂર લઈ જાય છે. લગ્ન પહેલાં બે પાત્રો એકબીજાની પસંદગીને ખૂબ માન આપે અને લગ્ન પછી જરાપણ આડુંઅવળું ન ચલાવી લેવાનું, જાણે કે માલિકીભાવ અને અહંનો પહાડ ઊભો થઈ જાય છે. પણ આ બધા માટે બાળપણથી બાળખના ઘડતરથી જ કેટલાક સફેદ જૂઠ બાળકમાં રોપવામાં આપણે નિમિત્ત બની જઈએ છીએ. પપ્પાનો મૂડ કે વરસાદનું બહાનું મળતાં ઓફિસે ન જાય પણ બાળક એમ કહે કે મારે આજે શાળામાં નથી જવું તો વડિલો જાત જાતની વાતો અને ધમકાવી કે પ્રલોભનો આપી તેને શાળાએ ધરાર મોકલે. બાળકને જયારે લાગે કે અહિં બધું ડબલ સ્ટાન્ડર્ડ ચાલે છે એટલે એ પણ જેવી તેને તક મળે એટલે ખોટું બહાનું કરી શાળામાંથી ઓડોઅવળો થઈ જાય છે. આ સંસ્કાર આગળ જતાં ઘર કરી જાય.'

હિન્દી ફિલ્મી ગીતોની લપોલપ અને ગપોગપ થયો યુવાવર્ગ બે ઘડી પણ આ વૈભવને જાણે અને માણે તો થોડો દેકારો અને ભેંકારો ઓછો થાય. માવજીભાઈ. કોમ વેબસાઈટ ઉપર તમને આ ખજાનો સ્વરાંકન (ઓડિયો) અને લેખિત સ્વરૂપે અચૂક મળશે. આ ગીતોને તમે વોટ્સ એપ પર મોકલી શકો તો મોકલો.

આજે આપણે ગુજરાતી સુગમ સંગીતના ગીતો, લોકગીતો, અને બાળગીતોની માણવા જઈ રહ્યા છીએ.

પ્રભુને યાદ કરવાની કવિ નાનાલાલની રીત અનોખી છે. આમ તો, ત્વમેવ માતા ચ પિતા ત્વમેય વિદ્યા... નો અનુવાદ લાગે. પણ તેમાં 'અનુપમ સખા' શબ્દો વહાલ ઉપજાવે એવા છે.

પ્રભો અંતર્યામી, જીવન જીવવા દીનશરણા
પિતા માતા બંધુ, અનુપમ સખા હિરકરણા
પ્રભા કીર્તિ કાંતિ, ધનવિભવ, સર્વસ્વ જનના
નમું છું વંદુ છું વિમળમુખ સ્વામી જગતના

બીજી બાજુ ગુજરાતની ખુમારી અને લડાયક મિજાજ ઝવેરચંદ મેઘાણી થકી બરાબર ઝીલાયો છે. કોઈનો લાડકવાયો દેશભક્તિને નતમસ્તક કરે છે. સ્ત્રીબોધ કે ખમીર 'સમરસેવિકા કોમલ સેજ બિછાવે...' શબ્દોમાં આબાદ અનુભવાય છે...

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે
કોની વનિતા કોની માતા ભગિની ટોળે વળતી
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી

જીવનની નશ્વરતાને અને સંબંધોના રગની વાત કાળની કેડીએ કાવ્યમાં વર્ણવાઈ છે. વિદાયવેળા કયારેક આવે તેની કયાં કોઈને ખબર છે? ધરતીના આંગણમાં બે ઘડી મળી લેવાની કિંમત અણમોલ છે.

રે ભાઈ, આપણે ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ!
ધરતી આંગણ માનવીના આ ઘડીક મિલનવેળા,
વાટમાં વચ્ચે એક દી નકી આવશે વિદાયવેળા!
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા!

સ્નેહરશ્મિએ એક પ્રકારે ઝંડાના માધ્યમથી દેશપ્રેમની હવા ઊભા કરી છે. મુક્તિનો અને આઝાદીનો પવન લોકહૈયાને બરાબર લાગી જાય તેની વાત અહીં કરી છે.

ફરક ફરક તું મુક્ત હવામાં
ફરક ફરક તું મુક્ત હવામાં ઝંડા ઊડ તું ઊંચે વ્યોમ
અમ મસ્તક પર રહે ફરકતો જયાં લગી નભમાં સૂરજ સોમ
ઝંઝા મુક્ત વિહર જગવ્યોમ
સાથી હો તવ સૂરજ સોમ

ભાષાને પણ શબ્દોની જરૂર છે. 'ળ' નું મન અહીં ગીતાબેન પરીખ પ્રમાણ્યું અને તેને વાચા ફૂટી. તેની વિશેષતાઓ અને માનવસહજ અપમાન જાણે કે 'ળ' અનુભવે છે.

ભાષાશાસ્ત્રી તમે મને અવગણ્યો
તો યે મે સહ્યું શાંતિથી
દીધું અક્ષરમાળ પૂરી થઈ ત્યાં
છેલ્લે હીણું સ્થઆન ને
ના કો વાક્યમહીં ન શબ્દમહીં યે
આરંભસ્થાને મૂક્યો

સહેલીયોની નટખટ વાતોમાં હળવાશ અને મજા માધવ રામાનુજ બરાબર રજૂ કરે છે. છૂંદણા એ શરીર બહાર ભળે કોતરાતા પણ તેમાં જીવનની ફિલસૂફી લોહીભીની થતી લાગે છે.

સૈયર તારા કિયા છીંદણે
સૈયર તારા કિયા છૂંદણે મોહ્યો તારો છેલ કહેને
સૈયર તારા કિયા ફૂલની લૂમી ઝૂમી વેલ કહેને
કિયા વરતનાં પાચ આંગળે કિયા પીપળો પૂજ્યો સૈયર
મંન ભરીને મોહે એવો કિયો ચૂટકો સૂઝયો સૈયર

રાસગરબા એ હવે તો લગ્ન અને ધાર્મિક પ્રસંગો પણ ગવાય છે. નવરાત્રીની રઢિયાળી રાતોમાં ગરબાની ગરમ હવા યુવામિત્રોને લાગી ગઈ છે. રસિયો ખેલૈયા રાસ રમીને આંખને રાખી કરી આવ્યા છે. પછી શું?

હો રંગ રસિયા!
હો રંગ રસિયા! કયાં રમી આવ્યો રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો
આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો
આ ઝાલઝૂલણા વહોરતાંને, વ્હાણલાં વાહી ગયા.

અન્ય એક ગરબામાં પ્રતિકોથી કામ લેવાયું છે. જોડી બનાવવામાં રમત છે લગ્ન પૂર્વે અને પછીના સંબંધોની લાગણી અહીં શૃંગારીક છટાથી રજૂ થઈ છે.

સોના વાટકડી કે કેસર
ઘોળ્યાં વાલમિયા
લીલો તે રંગનો છોડ રંગમાં
રોળ્યાં વાલમિયા
નાક પરમાણે નથડી સોઈ રે વાલમિયા
ટીલડીની બબ્બે તારે જોડ રંગમા
રોળ્યાં વાલમિયા

મોરલીનો લય, રાજાના કુંવરનો રંગ અને છટા બરાબર મળે છે. ઘોડા પર બેસવાનો અંદાજ અને બાજુબંધ બરાબર યુવરાજ સોહે છે.

ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર!
હાલો હાલો ને જોવા જાયે રે
મોરલી વાગી રે, રાજાના કુંવર
ચડવા તે ઘોડો હંસલો રે, રાજાના કુંવર
પીતળીયા પલાણ રે
બાંયે બાજુબંધ બેરખા રે, રાજાના કુંવર

ખૂબ જ પ્રખ્યાત આ લોકગતીમાં આપણી ભાતીગળ સંસ્કૃતિનો એક રંગ બેધડક રજૂ થયો છે. નારીની કહાની સદીઓથી મૂર્છા લાવી દેનારી છે. સાસરીમાં ઉંહ પણ ન બોલી શકતી દીકરીઓ લોહી નિસાસા નાખે છે. પોતાના જ લોકો દ્વારા ભારે સજા ભોગવતી દીકરીઓ આ દેશમાં એમ જ વધેરાઈ જતી.

વહુએ વગોવ્યા મોટા ખોરડાં
ગામમાં સાસરિયું ને ગામમાં પિયરયું રે લોલ
કહેજો દીકરી સખદખની વાત જો
કવળાં સાસરિયાંમાં જીવવું રે લોલ
હરખના દાડા તો માતા વહી ગયા રે લોલ
દખનાં ઉગ્યાં છે ઝીણા ઝાલ જો
કળવાં સાસરિયામાં જીવવું રે લોલ
પછવાડે ઊભેલ નણંદ સાંભરે રે લોલ
વહુ કરે છે આપણા ઘરની વાત જો
વહુએ વગોવ્યા મોટાં ખોરડાં રે લોલ

બાળકાવ્યમાં પણ આપણે ત્યાં ખાસું કામ થયુ છે. બાળકને સમજ ન પડતા, રમતાં રમતાં સંસ્કાર અને જીવન વ્યવહારોની સમજ પાડતાં કાવ્યો મજા કરાવે છે. બાળક ચા માગે ત્યારે મધને આગળ ધરવાની વાત બરાબર કહેવાઈ છે.

ઓળી ઝોળી પીંપળ પાન
ફઈએ પાડ્યું કાનજી નામ
બા ચા પા
ના ભા મધ ખા
ચાનો ચટાકો પેટ બગાડે
મધમીઠો ભઈલો પાડાને પછાડે

પૂરણ પોળીની મીઠાશ અને નાની બહેન પ્રત્યેનો સ્નેહ અહિ એકરૂપતા ધારણ કરે છે.

ચાંદાપોળી
ઘીમાં ઝબોળી
સૌ છોકરાંને કટકો પોળી
મારી બેનીને આખી પોળી
લેજે મોઢામાં
હબૂક પોળી

જોડકણા દ્વારા શબ્દોની રમત અને રમતાં શબ્દો બરાબર ગોઠવાયા હોય છે. બાળકને રમાડતાં આવા જોડકણાં સંભળાવાતા હતા.

એન ઘેન, દીવા ઘેન, ડાહીનો ઘોડો
પાણી પીતો, રમતો જમતો
છૂટ્યો... છે, હાથમાં લાકડી
કમળ કાકડી
જયાં દોડાય ત્યાં દોડજે
એકને પકડી લાવજે, ડાહીનો ઘોડો
રમતો જમતો છૂટ્યો ....છે

પરીવારની સફર કેવી રીતે ચાલે છે તે ચકલી - ચકલાના રૂડા સંસારથી સમજાય છે.

ચકી કહે, ચકારાણા ચકારાણા
નથી ઘરમાં એકે દાણા
ચકચક કરતાં ચકારાણા
ઉપાડી લાવ્યા ઢગલો દાણા, ચકો કહે
ચકી રાણી ચકી રાણી
નથી ઘરમાં ટીપું પાણી
ચીં ચીં કરતાં ચકી રાણી
તળાવ આખું લાવ્યા તાણી

અનુભવ મોટો શિક્ષક છે. અશક્ય કામ પણ સાચા દિલથી કરવામાં આવે તો શક્ય બની જાય છે.

ભણતા પંડિત નીપજે લખતાં લહિયો થાય
ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય
પોપટ પણ અભ્યાસથી શીખે બોલતાં બોલ
કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ
મૂરખ માથે શીંગડાં નહિ નિશાની હોય
સાર-અસાર વિચાર નહિ જન તે મૂરખ હોય
અક્ષર એક ન આવડે ઉર અભિમાન અપાર
જગમાં તેણે જાણવો સૌ મૂરખનો સરદાર.